તા.૧/૪/૧૯૬૩ થી તા.૫/૬/૮૪,દરમ્યાન રૂપાંતરીત ગ્રામ / નગર પંચાયતોમાં નિમણુંક પામેલ કર્મચારીઓની સેવાની શરતો બાબત.

ગુજરાત સરકાર
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ- નપમ/૧૦૮૪/૧૪૮૦/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૬ / ૨ /૦૮

<u>વંચાણે લીધા</u> :-

(૧) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનો તાઃ ૯/૯/૯૬નો ખાનગી પત્ર ક્રમાંકઃ નપમ/૧૦૮૪/૧૪૮૦/ક

(૨) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૫/૨/૧૯૯૭નો વિકાસ કમિશનરશ્રી, ગુજરા રાજય, ગાંધીનગરને પાઠવેલ સમાનાંકી પત્ર.

<u>પરિપત્ર</u> :-

ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ૧ અને ૨ના પત્રોથી તાઃ ૧૦/૭/૭૮થી તાઃ ૫/૬/૮૪ દરમ્યાન ગ્રામ/નગર પંચાયતો ધ્વારા કરવામાં આવેલ ભરતી, નિમણુંક, થયેલ કર્મચારીઓની સેવાની શરતો તથા અન્ય બાબતે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ. આવા કર્મચારીઓની સેવા નિયમિત કરવા, પગાર નિર્ધારણ કરવા અંગે સ્પષ્ટ સુચનાઓ વંચાણે લીધેલ પત્રથી આપવામાં આવેલ.

૨) આમ છતાં જીલ્લા પંચાયતો ધ્વારા આવા કર્મચારીઓની સેવા નિયમિત કરવા અંગે તથા અન્ય સેવા વિષયક બાબતો અંગે કોઈજ કાર્યવાહી કરેલ ન હોવાની રજુઆતો વિભાગ સમક્ષ કરવામાં આવેલ છે. તેમજ આવા ઘણા કર્મચારીઓના પેન્શન કેસો પણ આખરી થયેલ ન હોવાની રજુઆતો પણ વિભાગને મળેલ છે.

૩) પેન્શન કેસોને ટોચ અગ્રતા આપવાની સરકારશ્રીના નાણા વિભાગની સ્પષ્ટ સુચનાઓ છે આમ છતાં કર્મચારી નિવૃત્ત થાય ત્યા સુધી તેની સેવાઓ નિયમિત કરવા અંગે નિયમોનુસાર કોઈજ કાર્યવાહી કરવામાં ન આવે તે ઘણીજ ગંભીર બાબત છે.

૪) તા.૧/૪/૬૩ થી તા.૧૦/૭/૭૮ દરમ્યાન અને તા.૧૦/૭/૭૮ થી તાઃ ૫/૬/૮૪ દરમ્યાન રાજયની રૂપાતંરીત ગ્રામ/નગર પંચાયતો હેઠળ નિમણુંક/ભરતી/ થયેલ કર્મચારીઓની સેવાઓ નિયમિત કરવા અંગે તથા તેઓની અન્ય સેવા વિષયક બાબતો અંગે વંચાણે લીધેલ પત્રોથી આપવામાં આવેલ સુચનાઓ અનુંસાર કાર્યવાહી કરવા આથી તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે. તદ્ઉપરાંત ઉકત

વંચાણે લીધેલ ક્રમાંક—૧ના પત્રના મુદ્દા—૧ અનુસારની કાર્યવાહી રૂપાંતરીત ગ્રામ પંચાયતના તા.૧૦/૭/૭૮ થી તા.૫/૬/૮૪ દરમ્યાન નિમણૂંક / બઢતી મેળવેલ કર્મચારીઓ બાબતે કરી બાકી રહેલ કર્મચારીઓની જગ્યાઓ બાબતની દરખાસ્તો પણ જરૂરી જણાયે મોકલવા આથી જણાવવામાં આવે છે. તેમજ ઉકત વંચાણે લીધેલ પત્રોની અન્ય બાબતોએ પણ માર્ગદશન /મંજુરીની જરૂર જણાયે દરેક કર્મચારીનો સેવાકીય રેકોર્ડ ચકાસીને તાકીદે સ્પષ્ટ અભિપ્રાયસહ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ , વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફતે વિભાગને છ માસની મુદતમાં દરખાસ્ત રજુ કરવાની રહેશે.

૫) તાઃ ૫/૬/૮૪ પછી કરવામાં આવેલ ભરતી/નિમણુંક તથા સેવાની શરતોની બાબતે જો જે તે રૂપાંતરીત ગ્રામ/નગર પંચાયતે સક્ષમ સત્તાધિકારીની મંજુરી વિના કાર્યવાહી કરેલ હશે, તો તે અંગે જે તે ગ્રામ/નગર પંચાયતની જવાબદારી રહેશે, તે બાબત તરફ પણ આથી પુનઃધ્યાન દોરવામાં આવે છે.

૬) આ સુચનાઓ તમામ રૂપાંતરીત ગ્રામ પંચાયતોના ધ્યાન ઉપર તાત્કાલિક લાવવા તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રી/ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

નાયબ સચિવ,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

નકલ રવાનાઃ—

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, એલ.ડી.એન્જી. કોલેજ કંપાઉન્ડ, અમદાવાદ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- તમામ જીલ્લા સહાયક નિરક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રી
- તમામ રૂપાંતરીત ગ્રામ પંચાયતો.
- સિલેકટ ફાઈલ .
- સિલેકટ ફાઈલ .ના.સે.અ.